# પેણ (Great White Pelican)

પંખીલોક
★ પ્રવીણ સરવૈયા

પેણ આપણું શિયાળુ મુલાકાતી પક્ષી છે. તે ભારે દેખાતું મોટું પક્ષી છે. સારંગકુળનું સારસ આપણે ત્યાં કાયમી રહેતું સૌથી મોટું પક્ષી છે, પણ શિયાળુ મુલાકાતી પંખી પેણ સારસ કરતાંય મોટું પક્ષી છે. તે ચાંચથી પૂંછડી સુધી છ ફૂટ જેટલી લંબાઈ ધરાવે છે. તે આખું ધોળા રંગનું પંખી છે, પરંતુ અમુક બાજુથી જોતાં તેની પાંખમાં ગુલાબી રંગ દેખાય છે, તેથી તેનું નામ ગુલાબી પેણ છે. તેને સફેદ પેણ પણ કહે છે. અંગ્રેજીમાં પેણને Pelican કહે છે.

ગુલાબી પેણની ચાંચ ઘણી લાંબી અને ભારે છે. તેની ચાંચ પીળા રંગની છે. પેણની ચાંચની લંબાઈ આપણને માન્યામાં ન આવે તેટલી બે ફૂટ જેટલી લંબાઈ ધરાવે છે. તેના પગ ચાંચના રંગ જેવા પીળા રંગના છે. ચાંચના નીચેના પાંખિયામાંથી મોટી કોથળી બહાર લટકે છે. ઘણી વાર પેણ બહુ મોટી માછલી પકડીને ગળતી હોય ત્યારે એમ લાગે કે કોથળી હમણાં ફાટી જશે. પણ એવું થતું નથી ને ભોજન સલામત રીતે પાર ઊતરી જાય છે.







**ગુલાબી પેણની ચાંચ ઘણી લાંબી અને ભારે છે. તેની ચાંચ પીળા રંગની છે. પેણની ચાંચની લંબાઈ આપણને માન્યામાં ન આવે તેટલી બે ફૂટ જેટલી લંબાઈ ધરાવે છે. ચાંચના નીચેના પાંખિયામાંથી મોટી કોથળી બહાર લટકે છે**

પેણ નાનાં-મોટાં ટોળાંમાં તળાવ કે સરોવર પર તરતી માલુમ પડશે. તેનો ખોરાક મુખ્યત્વે માછલાં છે. તે ટોળામાં ઊડીને જળાશયના પાણીમાં તરવા લાગે છે અને કાંઠા તરફ જતાં સુધીમાં ઘણાં માછલાં પેટમાં પધરાવી દે છે. માછલાં ઉપરાંત તે પાણીની જીવાત પણ ખાય છે. ભોજન મેળવ્યા પછી પેણનું ટોળું કાંઠા ઉપર બેસીને ખોરાક પચાવે છે અને ચાંચ વડે પીંછાં સાફ કરે છે. પેણ માછલાં પકડવા માટે પાણીમાં ડૂબકી લગાવતી નથી, પરંતુ કાજિયાની જેમ માછલાંને છીછરા પાણીમાં લાવવાની યુક્તિ જાણે છે. પેણની ઉડાન ખૂબ સરસ હોય છે. તે ભારેખમ પક્ષી હોવા છતાં પાણીમાંથી સરળતાથી ઊડી જાય છે. તે ઊડે છે ત્યારે તેની દોઢ-બે ફૂટની લાંબી ડોક બંને ખભા વચ્ચે સંકેલી લે છે. તે ખૂબ ઊંચે ગીધની પેઠે ચકરાવા લે છે. તેનાં હાડકાં ખૂબ હળવાં હોય છે. તે પાંખો હલાવ્યા વિના હવાના પ્રવાહ પર સવાર થઈને હવામાં તર્યા કરે ત્યારે ખૂબ મનોહર લાગે છે. તે જ્યારે પાણી પર ઊતરે ત્યારે પણ સુંદર ઉડાન કરે છે. લપસણી પર લસરતાં છોકરાંઓની જેમ તે પાણીકાંઠેથી પાંખો બંધ કરીને સાવ આસાનીથી પાણી પર બેસી જાય છે.

બીજું એક રૂપેરી પેણ (Dalmatian Pelican) નામનું પક્ષી પણ સફેદ પેણ ની જેમજ શિયાળુ મુલાકાતી તરીકે અહીં આવે છે. તે ચોટીલી પેણ એવાં નામથી પણ ઓળખાય છે. ગુલાબી પેણ કરતાં કદમાં નાનું અને આપણું કાયમી મુલાકાતી પક્ષી છે. અન્ય એક જાતમાં ટપકીલીચાંચ પેણ (Spot-billed Pelican)ની અહીંની મુલાકાતની નોંધ પણ પક્ષી નિરીક્ષકો દ્વારા થયેલ છે. પેણ યુરોપ અને મધ્યએશિયાથી શિયાળાની કાતિલ ઠંડીથી બચવા આપણો હૂંફાળો શિયાળો ગાળવા અહીં આવે છે. આપણી આસપાસના તળાવ કે સરોવરમાં પણ તે પાણી હોય તો દર વર્ષે અચૂક આવે છે. પેણ પ્રજનનઋતુમાં માદરેવતન પાછી ફરે છે. તેઓ જ્યાં સુધી આપણે ત્યાં રહે ત્યાં સુધી આ મોંઘામૂલાં અતિથિનું રક્ષણ કરવું જોઈએ. •

# શું તમે જાણો છો? કેલ્ક્યુલેટરમાં CE અને AC બટનનું ફુલ ફોર્મ શું થાય?

જ્યારે પણ ઘરે, ઓફિસમાં કે બજારમાં ગાણિતિક ગણતરીઓ કરવાની હોય છે, ત્યારે લોકો સામાન્ય રીતે કેલ્ક્યુલેટરનો ઉપયોગ કરે છે. કેલ્ક્યુલેટર કામને સરળ બનાવે છે પરંતુ તેનાથી સંબંધિત ઘણી બાબતો હજુ પણ લોકો માટે અજાણ છે. જેમ તમે જોયું હશે કે કેલ્ક્યુલેટર પર ઘણા પ્રકારના બટનો હોય છે. લગભગ દરેક બટન પર કોઈને કોઈ નંબર લખેલો હોય છે પરંતુ કેટલાક બટનો પર કોઈ અંગ્રેજી શબ્દો લખેલા હોય છે. હા, અમે CE અને AC બટનો વિશે વાત કરી રહ્યા છીએ... શું તમે જાણો છો કે કેલ્ક્યુલેટરના બટનો પર CE અને AC નું પૂર્ણ સ્વરૂપ શું લખેલું છે? સારું, આજે પણ ઘણા લોકો આ રહસ્ય જાણતા નથી, તેઓ ફક્ત આ બટનો દબાવીને પોતાનું કામ પૂર્ણ કરે છે. પરંતુ આજે અમે તમને જણાવીશું કે કેલ્ક્યુલેટર પર CE અને AC નું પૂર્ણ સ્વરૂપ શું લખેલું છે?

CE અને AC નું ફુલ ફોર્મ શું? : જો તમને ખબર ન હોય, તો CE નો અર્થ Clear Entry થાય છે, જે ફક્ત છેલ્લે દાખલ કરેલ સંખ્યાને ભૂંસી નાખે છે. AC નો અર્થ All Clear થાય છે, જે સમગ્ર ગણતરીને ભૂંસી નાખે છે અને કેલ્ક્યુલેટરને રીસેટ કરે છે, જેનાથી તમે નવી ગણતરી શરૂ કરી શકો છો.



CE અને AC વચ્ચે શું તફાવત છે? : કેલ્ક્યુલેટર પર CE બટન ફક્ત ટાઈપ કરવામાં આવી રહેલા નંબરને ડિલીટ કરે છે. ઉદાહરણ તરીકે, જો તમે 4+5+6 ટાઈપ કરી રહ્યા છો અને ભૂલથી તમે 6 ને બદલે 7 ટાઈપ કરી દીધો છે, તો CE દબાવવાથી ફક્ત 7 ડિલીટ થશે અને 4+5+ રહેશે.

તમને એ પણ જણાવી દઈએ કે AC બટન સ્ક્રીન પરની બધી વસ્તુઓને ડિલીટ કરે છે, જેમાં પહેલાની બધી ગણતરીઓ અને દાખલ કરેલા બધા નંબરો શામેલ છે. AC દબાવવાથી, કેલ્ક્યુલેટર સ્ક્રીન પર 0 દેખાય છે અને તમે શરૂઆતથી જ નવી ગણતરી કરી શકો છો. •